# એલાન
The Clarion Call

અંક ૫ — અંગત વિતરણ માટે — વર્ષ: ૧. ડિસેમ્બર ૨૦૦૯

વિશેષ


# ઈન્ડો-અમેરિકા ચોપસુઈ

મુકુલ સિન્હા




ઓબામાએ તા. ૨૪ નવેમ્બરનાં રોજ શ્રી મનમોહન સિંઘને મહાન અમેરિકન ભોજન માટે આમંત્રણ આપ્યું ત્યારે તેમણે તેમનું શું પીરસ્યું હતું? અમેરિકન ચોપસુઈ? કોઈ જાણતું નથી કે તેને શા માટે અમેરિકન ચોપસુઈ કહેવામાં આવે છે, પણ એ તો ચીની રેસ્ટોરન્ટમાં મળતી આમ વાનગી છે. આમ, તો એ હલાવી હલાવીને વઘારેલી શાકભાજી જ છે જેને સોસ સાથે નુડલ્સ ઉપર પીરસવામાં આવે છે અને જાણો છો? ઓબામા અમેરિકન ચોપસુઈ બનાવવાનું ક્યાંથી શીખ્યા? અલબત્ત, ચીનમાંથી જ વળી, નવેમ્બરનાં આરંભમાં જ્યારે તેમણે ચીનની મુલાકાત લીધી ત્યારે આજે, દુનિયાનાં તમામ ઉત્પાદકોને કદાચ આજ વાર્તા લાગુ પડે છે. વસ્તુને તમારે જે નામથી બોલાવવી હોય તે નામથી બોલાવો, પણ થોડી ફેરવીને જોશો તો ઝીણાં અક્ષરોમાં છાપેલું દેખાશે, "મેઈડ ઈન ચાઈના" બેઈઝીંગ ઓલિમ્પિકમાં મેડલો મેળવી ચીને સાબિત કર્યું કે રમત-ગમત સહિત તમામ ક્ષેત્રોમાં ચીનનું પ્રભુત્વ છે. તેમ છતાં ચીને અમેરિકાની સત્તા સામે નમવું પડે છે.

થોડીવાર માટે આપણે આપણું ધ્યાન ફક્ત ત્રણ રાષ્ટ્રોની પ્રગતિ ઉપર સીમિત કરીશું. તો આપણું ધ્યાન જશે કે ત્રણે રાષ્ટ્રોનો એક સમાન ગાળામાં ઉદ્ભવ થયો હતો. બીજા વિશ્વયુદ્ધ પહેલાની સરખામણીમાં બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાની પરિસ્થિતિમાં ભારત અને ચીનની સરખામણીમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. અમેરિકા બહુ જ ઝડપથી સૌથી શક્તિશાળી અને ધનિક રાષ્ટ્રની ખુરશીમાં બિરાજમાન થયું છે. જ્યારે ચીન અને ભારતે, અલગ અલગ રસ્તે તેમની રાજકીય સ્વતંત્રતા મેળવી છે.

માઓ-ત્સે તુંગનાં નેતૃત્વ હેઠળ ચીનનાં ખેડૂતોએ અર્ધ-સામંતી, અર્ધ-ઉપનિવેશી સામાજિક માળખાને તોડી નાખ્યું હતું. પરંતુ ત્યાર પછી સમાજવાદી ક્રાંતિ ન આવી પણ સશક્ત મૂડીવાદી સમાજ વ્યવસ્થાનો જન્મ થયો. ૧૯૭૬માં ડેંગ ઝીઓ પીંગ આ પરિવર્તન સમજ્યા અને તેમને ચીનમાં મૂડીવાદી પ્રણાલીને પ્રસ્થાપિત કરી.

જ્યારે બીજી બાજુ, જવાહરલાલ નેહરૂનાં નેતૃત્વ હેઠળ ભારતે જાહેર ક્ષેત્રનાં પાયા ઉપર મૂડીવાદી માર્ગ પસંદ કર્યો અને ખચકાતા ખચકાતાં ધીમે ધીમે જમીન સુધારણા કરી. સમાજવાદી નારાઓ બહુ બોલાવવામાં આવ્યાં, છતાં, ખરો ઈરાદો લોકોને સત્તા આપવાનો ક્યારેય નહતો અને છ દાયકાઓની સ્વતંત્રતા પછી, ૪૦% વસ્તી ગરીબી રેખાની નીચે સબડી રહી છે. નેવુંનાં દાયકાનાં વૈશ્વિકરણ પછી હા જરૂર, ભારતનાં ઈજારેદાર મૂડીવાદીઓને લાભ થયો છે અને જેઓ તેમનાં અમેરિકા સાથેનાં જોડાણને કારણે વધુ ફાયદાની આશા સેવી રહ્યાં છે.

અમેરિકા સાથેનાં ચીન અને ભારતનાં સંબંધોની રોટલાને એક ટુકડા માટે લડતા વાંદરા અને બે બિલાડીની વાર્તા સાથે સરખાવી શકાય. વાંદરો બંને બિલાડીઓને સરખો ન્યાય આપવાનો ઢોંગ કરીને બંને બિલાડીઓનાં ભાગનો રોટલો પણ ઝાપટી જાય છે. આમ દુશ્મનાવટમાં અંધ બનેલી બંને બિલાડીઓ વાંદરાની છેતરપીંડીનો ભોગ બને છે. અહીં બીલાડી કાળી કે ધોળી તેનાથી કશો ફરક પડતો નથી જ્યાં સુધી તે ઉંદર પકડી શકે. માઓ-ત્સે-તુંગનો સિદ્ધાંત હતો કે, કામદારોએ ઉત્પાદન કૌશલ્યની સાથે સાથે સમાજવાદી રાજનીતિ પણ શીખવી જોઈએ, તેના બારામા પ્રતિભાવ આપતાં ડેંગે કહ્યું હતું. ડેંગની દ્રષ્ટિએ રાજનીતિને ઉત્પાદન સાથે કંઈ જ લેવા દેવા નથી, જ્યાં સુધી કામદરો વધુ ઉત્પાદન આપે છે આ જ મૂડીવાદનો મૂળ મંત્ર છે. પરંતુ, ડેંગ ખોટા હતાં. બિલાડીનાં રંગનો કંઈક મતલબ છે. મૂડીવાદી બિલાડી માત્ર ઝઘડી શકે છે અને વાંદરા દ્વારા પોતે મૂર્ખ બની શકે છે, જેમ કે, ચીન અને ભારત આજે મૂર્ખ બની રહ્યાં છે. આજે રાષ્ટ્રો તરીકે ચીન અને ભારતે એક થઈને પોતાની ચોપસુઈ રાંધવી જોઈએ. ■

# વિભાજક રેખાઓ

જનગણ મન અધિનાયક જય હે
ભારત ભાગ્ય વિધાતા
પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા
દ્રવિડ, ઉત્કલ બંગા...

રવિન્દ્રનાથ ટાગોરે જ્યારે આ રાષ્ટ્રગીત લખ્યું ત્યારે સ્વાભાવિક રીતે જ તેમણે એક વિશાળ અખંડ ભારતનું સ્વપ્ન સેવ્યું હતું, એક એવું ભારત કે જ્યાં લોકો સંકુચિત પ્રાદેશિક રેખામાંથી વિભાજિત ન હોય. પરંતુ રાજ ઠાકરે અને બાલ ઠાકરે જેવા લોકો આ રાષ્ટ્રગીતને સંપૂર્ણ રીતે બદલીને ફરીથી લખવા ઇચ્છે છે, પુષ્કળ પ્રમાણમાં ભિન્નતા અને વિવિધતા હોવા છતાં કેટલાયે વિભાજક પરિબળોનો સામનો કરીને ભારત એક સંગઠિત રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું છે. પરંતુ, તાજેતરનાં વિભાજક રાજકારણમાંથી શું તે પાર ઉતરશે ખરૂ?

સચિન તેંડુલકર દેશનાં કોઇ અજાણ્યા ખૂણમાં રમતો એક સાધારણ ખેલાડી નથી. ક્રિકેટ જગતમાં તેના પ્રભાવને કારણ તે માત્ર રાષ્ટ્રીય હિરો જ નથી પરંતુ વિશ્વનો કદાચ મહાન ખેલાડી છે. આમ, સચીન દરેક ભારતીયનું ગર્વ છે અને સર્વમાન્ય ગૌરવને હંમેશાં એક જબરદસ્ત સિમેન્ટીંગ બળ હોય છે. સચિને જ્યારે જાહેર કર્યુ કે તે સૌ પ્રથમ એક “ભારતીય” છે અને પછી “મહારાષ્ટ્રીયન” છે બાલ ઠાકરેએ સચીનની ટીકા કરીને માત્ર આ રાષ્ટ્રીય એકતાના આધારને નષ્ટ કર્યો છે. સચીનનું કદ તેઓએ ‘મરાઠી માનુસ’ જેવું ચીતરી ભારતનું કદ મહારાષ્ટ્ર જેટલું વામણું બનાવ્યું છે. ■

તંત્રી સ્થાનેથી

# ડૂબ ડૂબ દુબઈ

દુબઈ શહેરની ભૂમિ સ્થાવર-જંગમ મિલકત માટે જાણીતિ છે. સંયુક્ત આરબ અમિરાતના અન્ય ૬ અમિરાતની જેમ ત્યાં પેટ્રોલનો અનામત જથ્થો નથી અને તેનું અર્થતંત્ર મુખ્યત્વે બાંધકામ અને વિત્તિય રોકાણોને કારણે ફુલ્યુ-ફાલ્યું છે અને પરિણામે એક આંતર-રાષ્ટ્રીય શહેરમાં પરિણમ્યુ છે. આ શહેરની ગગનચુંબી ઇમારતો, મોલ્સ અને સાત તારક હોટલોને કારણે પશ્ચિમી દુનિયાના કોઇ પણ શહેર કરતાં વધારે વિક્સીત ઉભરી આવે છે. તેની ૧૭ લાખની વસ્તીમાંથી ૨.૫ લાખ તો બહારનાં બાંધકામ કામદારો છે.

દુનિયાભરમાંથી વિત્તિય મૂડીનો ધોધ વહેતાં, ઉજ્જડ જમીનનાં ટુકડાઓ આરબ દુનિયા માટે ગૌરવ આપનાર બની ગયા. પરંતુ આર્થિક મંદીનાં વાદળો ઘેરાતાં આ ગૌરવનાં દિવસો પૂરા થયા. વિશાળ બાધકામ ધરાવતી ઇમારતોને ખરીદનાર કોઇ નથી. પરિણામે, દુબઇ ૮૦ બિલિયન ડોલરનાં જબરદસ્ત દેવામાં ગરકાવ થઇ ગયું છે. આમાંથી ૬૦ કરોડ ડોલરનું જંગમ દેવું ‘ધી ડુબઇ વર્લ્ડ’ જે રાજ્ય નિયંત્રિત કંપની છે તેનું જ છે.

દુબઈનો શાસક શેખ મહંમદ બિન રશિદ અલ મક્તૌમ, જો કે હંમેશની જેમ બેપરવા રહ્યો છે. તેણે તો સાર્વત્રિક આર્થિક મંદીનો બોજો લાખો કામદારો, ઇજનેરો અને આર્કિટેક્નાં ખભે ઢોળી દીધો છે અને તેમને નોકરીમાંથી છુટા કરી એ આશા સાથે અક્કડ થઇને બેઠો છે કે ચીન, ભારત અને અન્ય ઉભરતા દેશોનાં ધનિકો તેમને આ સંકટમાંથી ઉગારી દેશે. ■

સમાચાર

# અમેરિકન બેરોજગારી નિયમન કચેરી

**શ્રીરામ**

અમેરિકા હંમેશા પોતાની ઉત્પાદન પદ્ધતિનાં વખાણ કરી દાવો કરતું રહ્યું છે કે અમેરિકન ઉત્પાદન પદ્ધતિ વિશ્વમાં શ્રેષ્ઠ છે. પરંતુ, જ્યારે સપ્ટેમ્બર માસમાં યુ.એસ. બ્યુરો ઓફ લેબર સ્ટેસ્ટિકર દ્વારા અમેરિકાનાં શ્રમ અને રોજગારનાં આંકડાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા ત્યારે લોકોની આંખો પહોળી થઇ ગઇ. માસિક બેરોજગારીનો દર સપ્ટેમ્બર માસમાં ૧૦% હતો. આ આંકડો વર્ષ-૨૦૦૮ કરતાં ૨૦૦૯માં વધારે હતો. કોઇપણ આર્થિક કટોકટીને ડિપ્રેશન એટલે કે ભયંકર મંદી ત્યારે જ કહી શકાય જ્યારે બેરોજગારીને દર ૨૦% સુધી પહોંચી જાય. અમેરિકામાં ૧૯૨૦નાં દાયકામાં આ જ પ્રકારની ભયંકર મંદી સર્જાઇ હતી. આજે અમેરિકાની સતત વધતી જતી બેરોજગારી જોતા એવું લાગે છે કે અમેરિકા ભયંકર મંદીમાં ગરકાવ થઇ રહ્યું છે.

આજનાં યુગમાં જ્યારે વિત્તીય મૂડીને નીરઅંકુશ છૂટો દોર આપી દેવામાં આવ્યો છે ત્યારે મૂડીવાદમાં કે અવાર-નવાર કટોકટી અનિવાર્ય બની ગયા છે. અમેરિકામાં આજે વધતી જતી બેરોજગારી પાછળ એક કારણ એ પણ છે કે આ નિરઅંકુશ મૂડીનું રોકાણ જે મેક્સિકો અને ચીનમાં વધુ થઇ રહ્યું છે. કારણ કે ઓછા વેતનવાળા આ દેશોમાં જવા માટે નિયંત્રણ હટાવી દેવામાં આવેલ છે. કટોકટીનાં પ્રત્યેક અનુભવમાંથી શ્રમજીવી વર્ગે બોધપાઠ લેવાની જરૂર છે અને હવે પછી આવનાર કટોકટીનો સામનો કરવા તેમજ નોકરીની સુરક્ષા માટે તથા પ્રગતિ સાધવા માટે કેવા પગલા લેવા જોઇએ, તે દિશામાં વિચાર કરવાની જરૂર છે.

ભારત જેવા દેશને તો આ બોધપાઠ લેવો ખૂબ જ જરૂરી છે. ભારતમાં હજી પણ ઘરેલુ ઉત્પાદન માટે વિશાળ બજાર ઉપલબ્ધ છે. ભારતે વિદેશી મૂડીની ઇજારાશાહીને શરણે જવાની જરૂર નથી. પરંતુ સ્થિર અને લાંબાગાળીની લાભદાયી આર્થિક વૃદ્ધિ ધરાવતી કોઇ પણ ઔધોગિક નીતિને અપનાવીને ઘરેલું બજાર સાથે મજબૂત જોડાણ કરવું જરૂરી છે. જેથી સ્થિર ઉપરાંત નિયંત્રિત સંસાધનોની મદદથી ઔધોગિક વિકાસ દ્વારા મેળવેલ લાભોને સુરક્ષિત કરી શકાય.

ભારતમાં શ્રમજીવી વર્ગને આની સાથે શું નિસ્બત છે? શ્રમિકોને સતત અને સુરક્ષિત રોજગાર મળી રહે તે જોવાનું યુનિયનો માટે અત્યંત જરૂરી છે, અને તેથી તેમણે જોવું પડશે કે ઉત્પાદન સંસાધનો અને આર્થિક વિકાસ ઇજારાશાહી મૂડીવાદને આધિન રહે નહીં. ઉત્પાદન સ્થળે આંદોલન અને મોરચા કાઢવા ઉપરાંત ટ્રેડ યુનિયનોએ ઉત્પાદન ઉપર કામદારોનો અધિકાર પ્રસ્થાપિત કરવા લડત આપવી પડશે. આ ત્યારે જ શક્ય બને જ્યારે તમામ કામદારો સંગઠનો એક જુથ થઇને સમજે કે દેશનો આર્થિક વિકાસ કેટલાંક ગણ્યાંગાંઠ્યા મૂડીવાદીઓને આધિન નથી.

ગુજરાત ફેડરેશન ઓફ ટ્રેડ યુનિયન્સનાં કેટલાંક સંઘર્ષો માંથી આ બાબત ફલિત થાય છે. એ.એમ.ટી.એસ.નાં ખાનગીકરણ વિરૂદ્ધ સંઘર્ષ તથા ટ્રેડ યુનિયન કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની સ્થાપના આ દિશામાં યોગ્ય કદમ છે, આ કાઉન્સીલ, સામ્રાજ્યવાદી તાકતો દ્વારા ભારતની સંગઠિત અર્થવ્યવસ્થાને તોડી પાડવાનાં પ્રયાસ સામે સંઘર્ષ કરી રહ્યું છે. આ ભગીરથ કાર્યમાં એક સરખી વિચારસરણી ધરાવતા કામદાર મંડળો ખભેખભા મિલાવી લડત આપે તે જરૂરી છે અને સાથે સાથે સ્થાનિક કક્ષાએ પણ વિશાળ લડતને સાંકળીને ઉગ્ર આંદોલન છેડવાની જરૂર છે. ■

# ભરત ઝાલા અને વિનોદ પંડ્યાને લાલ સલામ

એક વખત એવો હતો જ્યારે ઉચ્ચ વર્ણનાં લોકો સિવાય કોઈને માહિતી મેળવવાનો અધિકાર નહતો. કદાચ કોઈ દલીત કે નીચી જ્ઞાતિનાં લોકો જાણકારી મેળવવાની હિંમત કરતા તો તેઓને આકરી સજા કરવામાં આવતી હતી. મનુસ્મૃતિમાં જે દલીત, ગીતાનું શ્રવણ કરે તેના માટે કાનમાં સીસુ નાખવાની સજા નિર્દિષ્ટ કરવામાં આવી છે! આપણાં સમાજમાં આવા અંધકારભર્યા દિવસોમાંથી આજે આપણે ઓછામાં ઓછા આપણે માહિતિ મેળવવા હક સુધી પહોંચ્યાં છીએ. આજે મર્યાદિત પ્રમાણમાં માહિતી મેળવવાનો અધિકાર આપતાં કાયદાઓ લોકોને માહિતિ મેળવવા શક્તિમાન બનાવ્યા છે.

પરંતુ માત્ર માહિતિ મેળવવાનાં અધિકારથી ગરીબોને લાભ મળી જતા નથી. સિવાય કે આ રીતે મળેલ માહિતીને સંઘર્ષનાં સાધનમાં તબદિલ કરવામાં આવે. જનસંઘર્ષ મંચનાં બે કાર્યકરો શ્રી ભરત ઝાલા અને વિનોદ પંડ્યા એ આ નવા અધિનિયમ હેઠળ મળેલ માહિતીનો ઉપયોગ, સંઘર્ષ કરતા લોકોની તરફેણમાં કઈ રીતે કરી શકાય તે બતાવ્યું છે. ભરત ઝાલાએ પુરથી અસરગ્રસ્ત લોકો સંદર્ભમાં મળેલ માહિતીનો ઉપયોગ ખેડુતોનાં નુકશાન વળતર માટે મદદરૂપ થાય તે માટે, જ્યારે શ્રી વિનોદ પંડ્યાએ પ્રાથમિક શિક્ષકો સંદર્ભે મળેલ માહિતિનો સફળતાપૂર્વક ઉપયોગ પ્રાથમિક શિક્ષણનાં સવાલોમાં મદદરૂપ થવા કર્યો.

તેમનાં પ્રયાસોની નોંધ લઈને એનડીટીવી દ્વારા આરટીઆઈ એવોર્ડ માટે ગુજરાતમાંથી તેમની પસંદગી કરવામાં આવી છે. આ એવોર્ડ રૂ. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)નાં રોકડ પુરસ્કારનો છે. એનએસએમ વતિ અમો આ કાર્યકરોને અભિનંદન આપીએ છીએ અને આશા રાખીએ છીએ કે તેઓ ભવિષ્યમાં પણ સારી કામગીરી કરતા રહેશે. ■

# અદ્રશ્ય સંઘર્ષ

મુકુલ સિન્હા



કેનવાસ પર ફેલાવવામાં આવેલ રંગ તેમાં દેખાતી બાહ્ય રેખાઓને જ માત્ર રેખાંકિત કરતો નથી પરંતુ એક ચિત્રકારનાં વિચારોની છાપ તેમાં સ્પષ્ટ જોઈ શકાય છે. વિચારોનો દ્વંદાત્મક વિકાસ, વિવિધ રંગોનાં આંતરવિરોધ (વિરોધાભાસ) તરીકે કેન્વાસ પર જોવા મળે છે અને પ્રવિણ મિશ્રાનાં એબસ્ટ્રેક્ટ રંગીન ચિત્રો પણ તેમાં અપવાદ નથી. પ્રવિણનાં રંગીન ચિત્રો બીજા ચિત્રકારોથી એ રીતે જુદાં તરી આવતાં હતાં કે પીંછીનાં મુક્ત ઝટકાં પ્રવિણનાં આંતરિક મનની વાત હિંમતપૂર્વક કહેતા હતાં. ૧૭ નવેમ્બર, ૨૦૦૭થી હઠીસીંગ વિઝ્યુએલ આર્ટ સેન્ટરમાં પ્રદર્શિત કરવામાં આવેલ પ્રવિણનાં મોટાભાગનાં રંગીન ચિત્રો અસામાન્ય હતાં. તેમાનું એક રંગીન ચિત્ર ખરેખર એકદમ આગળ પડતું અને વખાણવાલાયક હતું-જે ઘણાં બધા હાથ દ્વારા દોરડાને એક છેડેથી સંયુક્ત રીતે ખેંચવામાં આવી રહ્યું હતું જ્યારે બીજો છેડો અદ્રશ્ય હતો. આ જ તો છે બધા વિકાસની ઝીણવટપૂર્વકની વાર્તા, અદ્રશ્ય એકતા અને સંઘર્ષની વાર્તા. ■

ARTICLE

# ઉપનિવેષી બોજ

## સીપીઆઈ(એમએલ)ની ભોપાલ બેઠક

મુકુલ સિન્હા

તા ૭ થી ૧૨ નવેમ્બર, ૨૦૦૯નાં રોજ ભોપાલ ખાતે સીપીઆઈ(એમએલ) દ્વારા તેમની પોતાની પાર્ટીની વિચારધારા બાબતે વિચાર વિમર્શ કરવા માટે યોજવામાં આવેલ વિશેષ સત્ર ક્રમસર ક્રમ બે કારણોસર મહત્વનું હતું. પ્રથમ તો, ખુબ જ લોકશાહી રીત-રસમ મુજબ બેઠક યોજવામાં આવી હતી અને બીજુ ભૂતકાળની વિચારધારામાંથી બહાર નિકળવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવ્યો. પક્ષનાં પ્રવક્તા મુજબ આ મિટીંગમાં "સચોટ પરિસ્થિતિ"નું સચોટ પૃથ્થક્કરણ" કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં ન્યુ સોસ્યાલિસ્ટ મુવમેન્ટનાં ત્રણ સભ્યોએ હાજરી આપી હતી. જર્મની અને આર્જેન્ટીનાના પ્રતિનિધિઓની (ફેડરનલ પક્ષનાં પ્રતિનિધિ તરીકે) સાથે ૧૪ રાજ્યોમાંથી પણ આ બેઠકમાં પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વિશે પક્ષનાં વિચારો-દિશા રજૂ કરતાં શ્રી સંજય




સીંઘવીએ ભારપૂર્વક જણાવ્યું કે ભૂતકાળની ૧૯૭૦ની સીપીઆઈ(એમએલ)ની વિચારધારામાં પરિવર્તન આવ્યું છે એવી ઘોષણા કરવામાં આવી કે બીજા વિશ્વયુદ્ધ પછીનાં ગાળાને નવઉપનિવેષવાદના ગાળા તરીકે ઓળખવો જોઈએ અને અમેરિકન સામ્રાજ્યવાદે વિશ્વ ઉપર પોતાની હુકુમત સ્થાપિત કરી છે અને ભારત જેવો રાષ્ટ્રો અમેરિકન સામ્રાજ્યવાદ દ્વારા તબાહ થયેલ લૂંટવામાં આવેલ નવઉપનિવેષ રાજ્યો છે. અફઘાનિસ્તાન અને ઈરાકનો સંપૂર્ણ રીતે અમેરિકી ઉપનિવેશી રાજ્યો છે.

ન્યુ સોસ્યાલિસ્ટ મુવમેન્ટ માને છે કે, સીપીઆઈ(એમએલ)ની વિચારધારા-"અર્ધ સામંતિ, અર્ધ ઉપનિવેષી"માં આવેલ બદલાવ જરૂર ખુબ જ આવકાર્ય છે, પરંતુ નવ ઉપનિવેષવાદનો વિચાર સ્વીકાર્ય નથી કારણ કે, તે કોઈ પ્રકારે ઉત્પાદન પદ્ધતિ અથવા વૈશ્વિકરણની રાજકીય આર્થિક નીતિ વર્ણન કરતો નથી. એનએસએમ માને છે કે, વૈશ્વિકરણનાં યુગમાં, તાજેતરનાં રાષ્ટ્રો પરસ્પર એકબીજા સાથે સંકળાઈને દુનિયાભરમાં વહેતી મૂડીની સુરક્ષા માટે એક માળખુ રચે છે અને રાષ્ટ્રિય મૂડી પોતાની રાષ્ટ્રિયતા ગુમાવી રહી છે.

ઘટતા નફાનાં યુગમાં વધુમાં વધુ નફો કરવા માટે અને શ્રમજીવીઓનું વધુમાં વધુ અતિરિક્ત મૂલ્ય ખેંચવા માટે વિકસીત દેશોના ઈજારાશાહી મૂડીવાદીઓ વિવિધ પ્રકારની સમજૂતિઓ અને કોન્ટ્રાક્ટ ઉપર સહીઓ કરે છે, જ્યારે બીજી બાજુ તેમનો પોતાનો હિસ્સો (ભાગ) વધારવા માટે એકબીજા સાથે સ્પર્ધા કરતાં પણ ખચકાતાં નથી. આમ, અતિરિક્ત મૂલ્યનો પ્રવાહ રૈખિક અથવા એકદિશીય નથી રહ્યો અને એટલા માટે, હાલમાં, જેની ટોચે અમેરિકા બેઠું છે એવો નવ ઉપનિવેષવાદનો વિચાર એ હાલની સચોટ પરિસ્થિતિનું સાચુ પૃથ્થકરણ નથી. ભારતીય અને ચીની મૂડીવાદીઓની સમૃદ્ધિ સ્પષ્ટપણે સ્થાપિત કરે છે કે, તેઓ મૂડીનો સંચય અગાઉ કરતાં પણ વધુ ઝડપે કરી શકે છે. સીપીઆઈ(એમએલ) દ્વારા ભોપાલ ખાતે શરૂઆત કરવામાં આવેલ વિચાર-વિમર્શ જરૂર આવકારદાય છે.

# વિશેષ આર્થિક વિસ્તારો (SEZ)
## અતિરિક્ત મૂલ્ય નિષ્કાસનની નવી પદ્ધતિ

**શ્રીરામ**

ભારત સરકાર દ્વારા નિકાસ કરવાના ઉદ્દેશ્ય સાથે ઉભાં કરવામાં આવેલ વિશેષ આર્થિક વિસ્તારોએ જેટલો વિવાદ ઉભો કર્યો છે તેટલો વિવાદ સરકારની આજ સુધીની કોઇ પણ યોજનાએ નથી કર્યો. ખાનગી મૂડીનાં આદેશથી ઉભાં કરવામાં આવેલ આ વિશેષ આર્થિક વિસ્તારો (SEZ) ને પરિણામે અસંખ્ય ગરીબ ખેડૂતો અને ગ્રામવાસીઓને સ્થળાંતર કરવું પડ્યું છે. ઘાતકી રીતે જમીન સંપાદન કરવામાં આવ્યું છે, ખૂબ જ મોટા પ્રમાણમાં માનવ અધિકારોનું હનન કરવામાં આવ્યું છે. આજ સુધી મધ્યમ વર્ગીય ભારતીય ટીવી અને છાપામાં આ એવી દલિલ કરવામાં આવે છે કે, જો સ્થળાંતર અને યોગ્ય વળતર ચૂકવવામાં આવ્યું હોત તો, વિશેષ આર્થિક વિસ્તારો સામે કોઇ જ સવાલ ઉભો થયો ન હોત.

વિશેષ આર્થિક વિસ્તારોમાં આર્થિક રીતે લાભદાયક છે કે નહીં સમજવા માટે દલીલનાં મુદ્દાને સમજવાની જરૂર છે. ખાનગી મૂડીનાં રોકાણ દ્વારા આર્થિક વિકાસ કરવા અને નિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી છે. જો કે, તેને બારીકાઇથી તપાસવામાં આવે તો આર્થિક સમજ તદ્દન ખોટી પુરવાર થાય છે. નિકાસ વધારવા માટે ઔદ્યોગિકરણ કદાચ મહત્વનું હોઇ શકે, પરંતુ તેને આંતરરાષ્ટ્રીય બજારોમાં તરંગીપણાથી (ઉતાર-ચઢાવ) રક્ષણ આપવા માટે ઔદ્યોગિકરણમાં વૈવિધ્ય લાવવું જરૂરી છે. ભૂતકાળમાં ભારતનાં વિશેષ આર્થિક વિસ્તારોનો નિકાસમાં ફાળો ખાસ વિશેષ નહોતો કે નહોતું તેમાં વૈવિધ્ય. ભારતીય આર્થિક વિકાસમાં સને ૨૦૦૪-૨૦૦૫માં વિશેષ આર્થિક વિસ્તારોનો ફાળો ભાગ્યે જ ૫% રહ્યો છે.

વિશેષ આર્થિક વિસ્તાર યોજનાનાં ફાયદાઓમાં રોજગારીમાં વધારો અને માળખાગત સુવિધાઓમાં વધારો દર્શાવવામાં આવ્યો છે. પરંતુ હજુ સુધી એવા કોઇ પુરાવાઓ નથી મળતા જેનાથી દર્શાવી શકાય કે ઉપર જણાવેલ ફાયદાઓમાંથી એક પણ એસઇઝેડથી મળી શકશે. રોજગારી ઉભી કરવી એ માત્ર માર્ગદર્શક રૂપરેખા છે ના કે કાનૂની જરૂરિયાત. ઉલટાંનું, મોટાં કોર્પોરેશનોએ હંમેશા “મજૂર કાયદાઓ”માં છૂટછાટ માટે જે તે સરકારો સાથે સાંઠગાંઠ કરી છે. જોકે, યુનિયનો અને અન્ય સંગઠનોની તાકાતને કારણે સમગ્ર ભારતમાં તેનો અમલ કરવો અસંભવ હતો અને એટલા માટે જ, વિશેષ આર્થિક વિસ્તારો (SEZ) ની જરૂરિયાત જણાઈ. વિશેષ આર્થિક વિસ્તારોમાં હવે મજૂર કાયદાઓ હેઠળ મળવા પાત્ર હક્કો કાયદા દ્વારા છીનવી લેવામાં આવ્યા છે.

રોકાણને પરિણામે આજ સુધી જો કોઇ ખૂબ જ મહત્વની અસર વૃદ્ધિમાં થઇ હોય તો તે છે ભારતની તિજોરી માટે કરદાતાઓનો વિશાળ વર્ગ ઉભો થવો. કરનાં નાણાંનો ઉપયોગ વિવિધ સામાજિક સલામતીનાં ઘણાં પગલાંઓ માટે થઇ શકે. દા.ત. જાહેર સાહસો, જાહેર સ્વાસ્થ્ય-વ્યવસ્થા, વૈજ્ઞાનિક સંશોધન, જાહેર શિક્ષણ, ખેડૂતો માટે સબસીડી, ઔદ્યોગિકરણને આગળ વધારવા માટેનાં પગલાં અને એવી અસંખ્ય સામાજિક યોજનાઓ. આગામી પાંચ વર્ષો દરમિયાન વિશેષ આર્થિક વિસ્તારોથી મહેસૂલી આવકમાં રૂઢિપસ્ત અંદાજો પ્રમાણે ૪૦ બિલિયન ડોલર કરતામાં પણ વધુ ખોટ હોઇ શકે છે. આ નાણાંથી દેશની ૩૨ કરોડ ભૂખી જનતાને કેટલાંક વર્ષો સુધી ખવડાવી શકાય અથવા દરેક ગ્રામ્ય કુટુંબનાં બે સભ્યોને આગામી પાંચ વર્ષો સુધી રોજગારી પૂરી પાડી શકાય. ખાનગી મૂડીને પોષવા માટે અને જાહેર મૂડીનું ખાનગી મૂડીમાં રૂપાંતરણ દ્વારા ભારતીય સમાજને થનાર વિત્તિય ખોટ એ તેના માટે કોઇ શુભચિન્હ નથી.

આજ પ્રમાણે, SEZને કારણે સાચો માળખાગત વિકાસ જોયો નથી સિવાય કે- સ્થાવર મિલકતનો વિકાસ અને વાયદાઓનો વેપાર. વિવિધ વિસ્તારોમાંથી એવો અહેવાલો આવ્યા છે કે જમીન માફીયાઓ SEZનો ઉપયોગ અતિ ઉંચા ભાવે સ્થાવર જમીનો વેચીને પ્રચંડ નાણાં બનાવવા કરે છે.




વિશેષ આર્થિક વિસ્તારો માટે ભાપતીય નીતિ-ઘડવૈયાઓ દ્વારા છેવટે દલીલ તરીકે ચીનની કહેવાતી સફળતાનું ઉદાહરણ આપે છે. વાસ્તવિક સ્થિતિ એ છે કે, ચીનમાં વિશેષ આર્થિક વિસ્તારોને કારણે હજારો એકર ખેડાઉ જમીન નષ્ટ થઇ છે. વિકાસમાં અસમાનતા, જમીનનો નિરંકુશ વાયદાનો વેપાર, મજૂર હિંસા અને સતામણી, દાણચોરી સહિત ગુનાઓમાં વૃદ્ધિ, દેહ-વ્યાપાર અને બાળ મજૂરી સાથે સાથે પુષ્કળ પ્રમાણમાં સંસાધનો અને પર્યાવરણીય નુકશાન થવા લાગ્યું છે.

વ્યાપક વિરોધને પરિણામે ફેબ્રુઆરી ૨૦૦૭માં ચીનની સરકારે જ્યાં સુધી વિસ્થાપિત લોકો માટેનાં નવાં પુનર્વસવાટ કાર્યક્રમનો અમલ ન થાય ત્યાં સુધી નવા SEZની સ્થાપના માટેની તમામ જમીન સંપાદનની કાર્યવાહી મોકુફ રાખવા માટે જાહેરત કરી હતી. સરકારનાં પક્ષે કરવી પડેલી આ પીછેહટ, વિવિધ આંદોલનો માટે મહત્વની વિજયકૂચ સાબિત થઇ. લોક ભાગીદારીવાળી લોકશાહીમાં અને નાગરિક અને રાજકીય હક્કમાં વિશ્વાસ ધરાવતા તમામ લોકો માટે આ ઘટના પ્રોત્સાહક બની અને વિશેષ આર્થિક વિસ્તારો સામેનાં લોકો એ રોષ અને વિરોધ દર્શાવ્યો. SEZએ આપણાને શીખવાડ્યું છે કે આપણે લોકલક્ષી અને લોકશાહીયુક્ત ઔદ્યોગિકરણનો વિકલ્પ શોધવો જોઇએ. ■

## LEFT ALIGNMENT




**તંત્રી મંડળ**
રાજેશ માંકડ
નિર્ઝરી સિન્હા
પ્રવિણ મિશ્રા
શ્રીરામ અનંત

પ્રકાશક:
**ન્યુ સોશીયાલીસ્ટ મુવમેન્ટ**
૨૦૬, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પિટલ પાસે
એલિસ બ્રીજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬, ગુજરાત, ભારત
ફોન: +૯૧-૭૯-૨૬૫૭ ૭૨૮૦
ઈ-મેલ: contact@nsm.org.in